

પ્રાકૃતિક સૌંદર્ય : શહેરનું સદ્‌ભાગ્ય છે કે, પ્રકૃતિએ ઉદારતાથી શહેર પર સૌંદર્ય વેર્યુ છે... ગાંધીનગરના રાજમાર્ગો પર આંખને ગમી જાય એવા રંગબેરંગી પુષ્પોથી આચ્છાદિત વૃક્ષોને જોવાનો જીવનનો લ્હાવો છે... દોડધામની વચ્ચે પ્રકૃતિને માણવાનું જીવનના પોષક તત્વોને બળ આપે છે... એટલા જ માટે ગાંધીનગરમાં રહેનાર નાગરિકનું આયુષ્ય વધારે હોય છે... કારણે કે પ્રકૃતિ સોળેકળાએ ખીલેલી હોય છે... અને એને માણતા-માણતા જીવવાનો લ્હાવો માત્ર ગાંધીનગરમાં જ છે... બરાબર સરકીટ હાઉસની સામે સોળેકળાએ ખીલેલું વૃક્ષ સૌંદર્યની સાક્ષી પુરે છે...

બેઠકોનો ધમધમાટ : જિલ્લા અધિકારીઓ સાથે પ્રભારી સચિવની બેઠક યોજાઈ

ગ્રામ વિકાસ કમિશનરે જાખોરાની મુલાકાત લઈ ગ્રામ્યસ્તરે સર્વેલન્સ ટીમ બનાવવા કહ્યુ : સોમવારે પ્રભારી મંત્રી સંઘવી સમીક્ષા કરશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે વિસ્ફોટ થયો છે. શહેર-જિલ્લામાં વધતા જતા કેસોને પગલે કોરોના ગાઈડલાઈન્સનું ચુસ્તતાથી અને કડકાઈથી અમલીકરણ કરવામાં આવે તેવી સ્પષ્ટ સૂચના આજે નવા નિમાયેલ પ્રભારી સચિવ મિલિન્દ તોરવણેએ આપી છે.

પ્રભારી તરીકે નિયુક્ત થયાના બીજા જ દિવસે આજે કલેક્ટર કચેરી ખાતે આવી તેમણે જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક કરી હતી.

આ બેઠકમાં તેમણે તંત્ર દ્વારા કરાયેલી તૈયારીઓની વિગતો જાણી અને આ તૈયારીઓની વધુ એક વકત ચકાસણી કરવા આરોગ્યતંત્રને જણાવ્યુ હતુ. તેમણે જણાવ્યુ કે સલામત અંતર ના જળવાતુ હોય તેવા જાહેર સ્થાનો પર ચેતવણી આપો અને પછી અસર ના થાય તો પગલાં લો.

કન્ટેનમેન્ટ ઝોનના નિયમોની અમલવારી પણ અસરકારક રીતે કરવામાં આવે એટલુ જ નહિ ફરજીયાત માસ્કના નિયમની અમલવારી ન કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવે.

ટેસ્ટીંગ અને ટ્રેસીંગની કામગીરી હજુ પણ સઘન બનાવવામાં આવે. ગ્રામ્ય વિસ્તારમાં ધન્વન્તરી રથનું ભ્રમણ શરૂ કરવા માટે પણ તેમને સૂચના આપી હતી. આ ઉપરાંત ઉકાળા વિતરણ કરવા આયોજન કરી અમલ કરવા પર ભાર મુક્યો હતો.

તેમણે જનજાગૃતિ માટે પણ કેટલાક મહત્વના સૂચનો કર્યા હતા. એક કલાકથી પણ વધુ સમય સુધી અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરી હતી.

પ્રભારી સચિવે ગ્રામ્ય વિસ્તારમાં પણ સલામત અંતર અને ફરજીયાત માસ્કના નિયમની અમલવારી પર ભાર મુક્યો હતો. તેમણે વધતા જતા કેસોને પગલે જો વધુ મેન પાવરની કેટલી જરૂરિયાત છે તે અંગેની વિગતો સાથેનો અહેવાલ બે દિવસમાં આપવા માટે જણાવ્યુ છે.

દરમ્યાન આજે ગ્રામ વિકાસ કમિશનર સુશ્રી સોનલ મિશ્રા પણ ગાંધીનગર તાલુકાના જાખોરા ગામના કોવિડ કેર સેન્ટરની મુલાકાતે ગયા હતા.

ત્યાં તેમણે ગામવાર સર્વેલન્સ ટીમો બનાવવા, ગ્રામીણ વિસ્તારમાં ટેસ્ટીંગ વધુ પ્રમાણમાં થાય તેમજ કોવિડ કેર સેન્ટર જ્યાં શરૂ થાય ત્યાં તમામ પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ હોય તે જોવા પર ભાર મુકી ગ્રામ્ય વિસ્તારમાં કોવિડ કેર સેન્ટરો ઝડપથી કાર્યરત કરવા જણાવ્યુ હતુ.

સુશ્રી મિશ્રાએ રોગપ્રતિકારક શક્તિ ઓછી ધરાવતા લોકોનું ગ્રામ્ય સ્તરે રચાયેલી સર્વેલન્સ ટીમ દ્વારા મોનીટરીંગ થાય તેમજ વેક્સિનેશન અભિયાનથી કોઈ વંચિત ના રહી જાય તે જોવા જણાવ્યુ હતુ.

તેમણે ખોરજમાં કેર સેન્ટરની મુલાકાત લીધી તે વેળાએ જિલ્લા વિકાસ અધિકારી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પંચાત પ્રમુખ દિલીપભાઈ પટેલ તેમજ પંચાયતના સભ્યો, ટી.ડી.ઓ. અને ગ્રામ આગેવાનો હાજર રહ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં કોરોનાના નવા દૈનિક કેસ ૧૦૦ની નજીક

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના નવા ૯૧ કેસ નોંધાતા તંત્ર સ્તબ્ધ બની ગયુ છે. કોરોનાના કેસો ડબલીંગ થઈ રહ્યા છે અને પીક પર આ મહામારી પહોંચશે ત્યારે શું તેવી કલ્પના માત્ર નગરજનોને પણ ધ્રુજાવી રહેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા ૯૧ કેસ સાથે શહેરમાં કોરોનાએ ત્રેવડી સદીને પણ પાર કરી દીધી છે. શહેરમાં કોરોનાના દર્દીઓની સંખ્યા વધીને ૩૩૯ પર પહોંચી છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્ર પણ સ્તબ્ધ છે. જોકે ટેસ્ટીંગનું પ્રમાણ વધારવામાં આવ્યુ છે. રોજના ૪ હજારથી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે અને જે રીતે પોઝીટીવીટી રેટ વધી રહ્યો હોવાથી તંત્ર સ્તબ્ધ બન્યુ છે.

આજે નોંધાયેલા કેસોમાં ૪૧ મહિલા દર્દી છે. શહેરના સીમાડે આવેલ આઈઆઈટીમાં પણ પાંચ કેસ નોંધાયા છે. બાળકો યુવા અને મહિલાઓ સંક્રમિત થઈ રહી હોવાથી તંત્રની ચિંતા વધી રહી છે. આજે ૨૦ થી વધુ દર્દીઓ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા હોવાનું જાણવા મળેલ છે.

શહેરના ગ્રામ્ય વિસ્તારમાં ૪૩ અને શહેરના સેક્ટરોમાં ૪૩ કેસ નોંધાયા છે.

શહેરના સે. ૫, ૨, ૧૪, ૩ માં ૫-૫ કેસ, સે. ૧૩ માં ૪, સે. ૧૯, ૨૯, ૬, ૨, ૨૬માં ૨-૨ કેસ, સે. ૨૩ માં ૩, સે. ૩ માં ૩ કેસ નોંધાયા છે. આ ઉપરાંત સે. ૨૨, ૮, ૯, ૨૮, ૨૭માંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ સરગાસણ ગામમાંથી ૧૪, વાવોલમાંથી ૪, કોબામાંથી ૫, કુડાસણમાંથી ૮, પાલજમાંથી ૨ કેસ ઉપરાંત રાયસણ, ખોરજ, રાંદેસણ, પાલજમાંથી પણ કેસો મળી આવેલ છે.

આજે નોંધાયેલા કેસોમાં ૬ જેટલા બાળકોનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસોમાં મોટા ભાગના દર્દીઓએ વેક્સિનના બન્ને ડોઝ લઈ લીધા હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રએ પણ સર્વેલન્સ અને ટ્રેસીંગની કામગીરીને સઘન બનાવવા માટેની સૂચનાઓ આપી છે.

શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી કડક રીતે થાય તે જોવા માટે સૂચનાઓ આપી છે.

● અનુસંધાન પાન-૭ પર

સે. ૫, ૨, ૧૪, ૩ માં ૫-૫ કેસ, સે. ૧૩ માં ૪, સે. ૧૯, ૨૯, ૬, ૨, ૨૬માં ૨-૨ કેસ, સે. ૨૩, ૩ માં ૩-૩ કેસ નોંધાયા, આ ઉપરાંત સે. ૨૨, ૮, ૯, ૨૮, ૨૭માંથી પણ કેસ મળી આવ્યા

સિવિલ હોસ્પિટલમાં જ એક ડઝનથી વધુ તબીબો-કર્મચારીઓ કોરોનામાં સપડાયા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એક ડઝનથી પણ વધુ ડૉક્ટરો અને કર્મયોગીઓ કોરોનાથી ચેપગ્રસ્ત થયા હોવાથી સિવિલ હોસ્પિટલના તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ડૉક્ટરો, પ્રોફેસરો, આસિ. પ્રોફેસરો તેમજ ઈન્ટર્ન અને સ્ટાફના કર્મચારીઓનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

હોસ્પિટલાઈઝેશન દર ઓછો હોવા છતાં સિવિલના તબીબો સહિતના કર્મીઓ કોરોના ચેપગ્રસ્ત થતાં શહેર-જિલ્લાના આરોગ્યતંત્ર સામે નવો પડકાર ઉભો થયો છે. આ તબીબી અધિકારીઓ અને કર્મયોગીઓ હોમ આઈસોલેટ થયા હોવાનું જાણવા મળેલ છે.

કોરોનાની બબ્બે લ્હેર વખતે દર્દીઓની સારવાર કરનાર ડૉક્ટરો જ આ વખતે વેવના આરંભે જ સંક્રમિત થયાનું બહાર આવતાં જ આરોગ્યતંત્રમાં પણ સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૪૧ કેસ

ગાંધીનગર-૨૮, કલોલ-૧૦, દહેગામ-૨ અને માણસામાં ૧ : ૯ વિદ્યાર્થી અને ૧૨ મહિલા સંક્રમિતોની યાદીમાં, અડાલજમાં વધુ ૭ કેસ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના નવા ૪૧ કેસ નોંધાયા છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારના કેસોની સંખ્યા ૧૬૩ પર પહોંચી છે.

ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોને લઈ તંત્રની દોડધામ વધી જવા પામી છે. જિલ્લાના ચારેય તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી કેસો મળી રહ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં બે, માણસામાં ૧, ગાંધીનગરમાં ૨૮ અને કલોલમાં ૧૦ કેસનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસોમાં ૧૦ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આજે નોંધાયેલ કેસમાં ૧૮ કર્મયોગી, ૯ વિદ્યાર્થી અને ૧૨ મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

ગાંધીનગર અને કલોલમાં જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ પ્રભારી સચિવ મિલિન્દ તોરવણેએ આજની બેઠકમાં આ બે તાલુકાઓમાં ટેસ્ટીંગ અને ટ્રેસીંગની કામગીરી સઘન બનાવવા માટેની સૂચનાઓ આપી હતી.

દહેગામ તાલુકામાં દહેગામ અર્બનમાં મહિલા અને રખિયાલમાં એક ૧૭ વર્ષીય દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગરને અડીને આવેલ સીઆરપીએફ લેકાવાડા, બી.એસ.એફ. આલમપુર, એરફોર્સમાંથી ૧૯ કેસ મળી આવતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે.

આ ઉપરાંત ત્રીજી લ્હેરમાં પણ તાલુકાનું હોટ સ્પોટ બનેલ અડાલજમાંથી ૭ કેસ મળી આવેલ છે. ઉવારસદમાંથી બે કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં આજે ૧૦ કેસ નોંધાયા છે. જેમાં અદાણી શાંતિગ્રામમાંથી વધુ એક કેસ મળેલ છે.

કલોલ તાલુકાના સેમી અર્બન વિલેજ બોરીસણામાંથી વધુ ૩ કેસ મળ્યા છે. કલોલ અર્બનમાંથી પણ પાંચ કેસ મળ્યા છે. જેમાં અર્બન-૨ માંથી ૪ કેસ મળ્યા છે જ્યારે એક કેસ કલોલ અર્બન-૧ માંથી મળેલ છે. પાનસર ગામેથી પણ એક કેસ મળેલ છે.

માણસા તાલુકામાં માણસા અર્બનમાંથી એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોએ તંત્રની ચિંતા વધારી છે. ચિલોડામાં પણ બે કેસ નોંધાયા હોવાનું જાણવા મળેલ છે જેમાં એક

● અનુસંધાન પાન-૭ પર

રાજયની અનુદાનિત કોલેજોમાં ગ્રંથપાલની ૧૯૯ જગ્યા છેલ્લા એક દાયકાથી ખાલી

ગ્રંથપાલની ભરતી માટે અત્યાર સુધી ૮૧ વાર આવેદનપત્ર અપાયા પરંતુ પરિણામ શુન્ય : ભરતીના અભાવે મહીલા બેરોજગારો વિશેષ પ્રભાવિત : સરકાર સામે પ્રબળ આક્રોશ : ત્વરિત ભરતી પ્રકીયા હાથ ધરાય તેવી માંગણી

ગાંધીનગર તા ૭

ગુજરાતની શાળા કોલેજો છેલ્લા ૨૩ વર્ષથી ગ્રંથપાલની સેવાથી વંચિત છે. અત્યાર સુધીમાં ૮૧ આવેદનપત્રના માધ્યમથી રજુઆતો કરવામાં આવી છે છતા રાજયની અનુદાનિત શાળા કોલેજોમાં ગંથ્રપાલની ભરતી પ્રકીયામાં વિલંબ થઈ રહ્યો છે. આ શાળા કોલેજોમાં છેલ્લા ૧૦ વર્ષથી ગ્રંથપાલની ૨૦૦ જેટલી જગ્યાઓ ખલી છે. વાંચે ગુજરાતના સોહામણા સુત્ર વચ્ચે પણ વિદ્યાર્થીઓ ગ્રંથાલયની સેવાથી વંચિત રહ્યા હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.

ગુજરાતમાં શાળા કોલેજોમાં ગ્રંથપાલની ભરતી મામલે શિક્ષણ વિભાગને કરવામાં આવેલી આર ટી આઈ ના ઉત્તરના આધારે મળેલી માહીતી મુજબ રાજયની અનુદાનિત કોલેજોમાં ગ્રંથપાલની ૨૬૦ જગ્યા ખાલી છે. જયારે આ પૈકી ૧૯૯ જગ્યા વર્ષ ૨૦૧૦-૧૧ થી ખાલી છે. ગ્રંથપાલની ભરતીની ફાઈલ નાંણાતેમજ શિક્ષણ વિભાગ વચ્ચે ગોથે ચઢી છે. જયારે એક દાયકાન વિલંબ બાદ પણ આ ભરતી થઈ નથી. આ મામલે વારંવાર રજુઆતો પણ કરવામાં આવી છે. જયારે ૮૧ વખત આવેદન પત્ર આપીને પણ ઉગ્ર રજુઆત કરવામાં આવી છે. આમછતા સરકાર તરફથી માત્ર વાયદા આપી ગ્રંથપાલની ભરતી સંદર્ભે કોઈ પગલા લેવાયા નથી. ગ્રંથપાલ બેરોજગાર મંચ દ્વારા પણ ભાજપના પ્રદેશ પ્રમુખ સી આર પાટીલને પણ પાંચ મહીના અગાઉ આવેદનપત્ર આપી રજુઆત કરવામાં આવી હતી. આમછતા કોઈ કાર્યવાહી થઈ નથી. ગ્રંથપાલની જગ્યામાં ૮૦ ટકા

● અનુસંધાન પાન-૭ પર

વાતાવરણ પલ્ટા બાદ ઠંડીનુ જોર વધ્યુ : પારો ૧૨.૩ ડીગ્રીએ પહોંચ્યો

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં ભર શિયાળે વારંવાર સર્જાતા વાતાવરણ પલ્ટાના લીધે વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા વરસતા ઠંડીની મોસમ પ્રભાવિત થઇ છે. ગઈકાલે વાદળિયા વાતાવરણ અને વરસાદી ઝાપટા સાથે વાતાવરણમાંથી ઠંડી અદ્રશ્ય થઈ ગઈ હતી. જયારે બપોરના વરસાદી ઝાપટાના અંતે સાંજ ઢળતા જ વાતાવરણમાં ઠંડીનુ મોજુ ફરી વળતા નગરજનો ઘરમાં પુરાયા હતા. જયારે આજે ઠંડીનો પારો પાંચ ડીગ્રીના તફાવત સાથે ૧૨.૩ સુધી નીચે સરકી ગયો હતો જેના લીધે નગર ફરી એકવાર ઠંડીની ગિરફતમાં આવી ગયુ છે. લઘુત્તમ તાપમાનની સાથે મહત્તમ તાપમાન પણ ૫ ડીગ્રી ઉંચકાયુ હતુ. આગામી બે ત્રણ દિવસમાં ઠંડી હજુ કાતિલ સ્વરૂપ ધારણ કરે તેવી પણ સંભાવના છે.

ગાંધીનગરમાં છેલ્લા એક મહીનામાં ચાર વાર વાતાવરણ પલ્ટો જોવા મળ્યો છે. શિયાળાની ઠંડીના દિવસોમાં સતત વાતાવરણ પલ્ટાના લીધે ચોમાસુ સક્રીય થઈ ગયુ હોવાનો અહેસાસ કરતા નગરજનો પલે ુપલે બદલાતા મોસમના મિજાજથી બેચેન બન્યા છે. છેલ્લા ૧૫ દિવસમાં ઠંડી અને ગરમીમાં સતત વધ ઘટના લીધે નગરજનો વિચિત્ર મોસમથી પ્રભાવિત છે. શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી વાદળિયુ વાતાવરણ જોવા મળે છે. ગઈકાલે વાદળિયા વાતાવરણ વચ્ચે ઠંડી અદ્રશ્ય થઈ ગઈ હતી. લઘુત્તમ તાપમાન પણ ૧૭ ડીગ્રીને પાર થઈ ગયુ હતુ. જયારે બપોરના સમયે વરસાદી ઝાપટાના અંતે ધુમ્મસ છવાઈ ગયુ હતુ. જયારે દિવસના વાતાવરણ પલ્ટાના અંતે રાત્રિના સમયે અચાનક જ વાતાવરણમાં ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. રાત્રિના સમયે વાદળિયા માહોલ વચ્ચે ઠાર અનુભવાયો હતો. ઢળતી સાંજ બાદ ઠંડીના લીધે નગરજનો ઘરમાં પુરાઈ ગયા હતા. છેલ્લા ૧૫ દિવસમાં ઠંડીનો મિજાજ વારંવાર બદલાય છે. ગત મહીના દરમિયાન ઠંડીનો પારો ૬.૫ ડીગ્રી સુધી નીચે ઉતરી જતા સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઈ હતી. જયારે ગત મહીના દરમિયાન ઠંડીનો પારો સતત ચાર પાંચ દિવસ સુધી સિંગ્લ ડીઝીટમાં રહ્યો હતો. જયારે નવા વર્ષના પ્રારંભે ઠંડી અદ્રશ્ય થઈ ગઈ હતી. છેલ્લા ચાર દિવસથી ઠંડનો પારો ૧૬ ડીગ્રીની પાર રહેતા નગરજનોએ ઠંડીમાં રાહત અનુભવી હતી. પરંતુ ગઈકાલના વાતાવરણ પલ્ટા બાદ આજે અચાકન જ ઠંડીએ જોર પકડ્યુ હતુ. જેના લીધે લઘુત્તમ તાપમાન આજે ૧૨.૩ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનો પારો ૫ ડીગ્રી ઉંચકાયો હતો. જયારે મહત્તમ તાપમાન પણ ઉંચકાયુ હતુ. દિવસનુ તાપમાન ૨૭.૨ ડીગ્રી પહોંચી ગયુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીની જેમ ગરમીનો પારો પણ ઉંચકાયો હતો. જેના લીધે દિવસે કોલ્ડવેવની અસર વર્તાઈ ન હતી પરંતુ સાંજ ઢળતા જ આકરી ઠંડી અનુભવાતા નગરજનો ગરમ કપડામાં લપેટાઈ ગયા હતા. વાતાવરણ પલ્ટાના અંતે ઠંડી ગરમીના પારામાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. જયારે ઠંડી

● અનુસંધાન પાન-૭ પર

મહત્તમ તાપમાન પણ પાંચ ડીગ્રીના ફેરફાર સાથે ૨૭ ડીગ્રી : સવારે ભેજનુ પ્રમાણ વધુ : હજુ ઠંડી વધુ કાતિલ બનવાના અણસાર

ઉત્તરાયણ નજીક આવતા આ સિઝનના ફ્રૂટ્સ બોર અને શેરડી બજારોમાં આવી ગયા છે. ગાંધીનગરના બજારોમાં શેરડી અને બોર ખુબ જ સસ્તા ભાવે મળી રહ્યા છે. જેમ જેમ ઉત્તરાયણ નજીક આવતી જશે તેમ તેમ શેરડી અને બોર ઉપરાંત જામફળ બજારોમાં ખુબ ઠલવાશે. ધાબા પર પતંગ ચગાવવાની મજા સાથે બોર, જામફળ, શેરડી અને ચીકી ખાવાની કંઈક અલગ જ મજા છે.

ધો -૧ થી ૯ માં હવે ઓફલાઈન શિક્ષણ બંધ-વાલીઓને હાશકારો

ધો ૧૦ , ૧૧ અને ધો -૧૨માં પણ વિદ્યાર્થીઓની હાજરી રોજ ઘટી રહી છે : વાલીઓ વિદ્યાર્થીઓને શાળાએ મોકલવાનુ પસંદ કરતા નથી : કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે પ્રત્યક્ષ શિક્ષણ પદ્ધતિ ફરી એકવાર હાંસિયામાં ધકેલાઇ

ગાંધીનગર તા ૭

દેશ અને દુનિયામાં વધતા કોરોનાના સંક્રમણના લીધે હાહાકાર મચી ગયો છે. ગાંધીનગરમાં પણ કોરોનાના કેસ દિનપ્રતિદિન વધી રહ્યા હોવાથી જનજીવનમાં ચિંતા પ્રવર્તી છે. આવા સંજોગોમાં સરકારે પ્રાથમિક તબક્કે કેટલાક નિયંત્રણો અમલી બનાવ્યા છે. જેમાં કરફયુનો સમય લંબાવી પ્રસંગોમાં પણ મર્યાદિત સંખ્યાનો આંકડો આપી દીધો છે. બીજીતરફ કોરોનાની ત્રીજી લહેરમાં બાળકો પણ સંક્રમિત થતા હોવાનુ ધ્યાને આવ્યુ હોવાથી વાલીઆની ચિંતા પણ વધી છે. આવા સંજોગોમાં ધો - ૧ થી ૯ ના વિદ્યાર્થીઓને વાલીઓએ છેલ્લા એક સપ્તાહથી શાળાએ મોકલવાનુ બંધ કરી દીધુ છે. આ સ્થિતિ વચ્ચે સરકારે પણ આ ધોરણમાં ઓફલાઈન શિક્ષણ બંધ કરી દેવાનો નિર્ણય લીધો છે. જયારે કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે તમામ ધોરણમાં ઓનલાઈન શિક્ષણ પ્રથાનો જ અમલ કરવામાં આવે તેવો પણ સુર ઉઠવા પામ્યો છે.

સમગ્ર દેશમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. દિનપ્રતિદિન કોરોનાના કેસ વધી રહ્યા છે. ત્યારે માસ્ક અને સોશિયલ ડીસ્ટન્સીંગનો અમલ પણ થતો નથી. આવા સંજોગોમાં કોરોનના વધતા સંક્રમણને અટકાવવા માટે જરૂરી કડક નિયંત્રણો અનિવાર્ય થયા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. સરકારે વાઈબ્રન્ટ સમિટની ઉજવણી પણ બંધ રાખવાની જાહેરાત કરી દીધી છે. જયારે હવે કોરોનાને કાબુમાં લેવા માટે આમ નાગરિકોના વેપાર ધંધા પ્રભાવિત ન થાય તે મુજબ નવા નિયમો સાથે કોરોના સામે લડત આપવાનો અભિગમ અપનાવાયો છે. ગાંધીનગરમાં પણ કોરોનાના કેસ વધ્યા છે. જેના લીધે દરેક નાગરિકમાં ચિંતા પ્રવર્તી છે. આવા સંજોગોમાં જાહેરમાં ભીડ ભેગી કરવી કે જાહેર જગ્યામાં ટોળામાં ઉભા રહેવુ જોખમી સાબિત થાય તેમ છે. શહેરમાં કોરોનાની બીજીલહેરના અંતે તબક્કાવાર શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય ચાલુ કરવામાં આવ્યુ હતુ જયારે બીજીલહેરના અંતે શાળાઓમાં ધીમે ધીમે પ્રત્યક્ષણ

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com